# અંતરિક્ષમાં ભારતની ઐતિહાસિક સિદ્ધિ

**જય હો : ચંદ્રયાન-૨નું અંતે સફળ લોંચિંગ : જય વિજ્ઞાન, જય હિન્દુસ્તાનના નારા વિશ્વભરમાં ગુંજી ઉઠ્યા : ચંદ્રયાન-૨ની શ્રીહરિકોટાના લોંચ સ્થળથી ચંદ્ર સુધીની ત્રણ લાખ ૮૪ હજાર કિલોમીટરની ઐતિહાસિક સફળ સફર શરૂ : ૨૧ દિન બાદ ચંદ્રની સપાટીમાં**

શ્રીહરિકોટા, તા.૨૨

ભારતીય સ્પેસ એજન્સી ઈસરોએ ચંદ્રયાન-૨ની સફળ લોન્ચિંગની સાથે જ એક નવો ઈતિહાસ રચી દીધો હતો. લોન્ચિંગ બાદ હવે આને ચંદ્રની સપાટી ઉપર ઉતારવાના સૌથી મોટા મિશનની શરૂઆત થઈ ચુકી છે. ચંદ્રયાન-૨ શ્રીહરિકોટાના લોંચ સ્થળથી ચંદ્ર સુધીની ત્રણ લાખ ૮૪ હજાર કિલોમીટરની યાત્રા ઉપર નિકળી ગયા બાદ ભારતની સાથે સાથે વિશ્વભરમાં ઈસરોએ પોતાનો ડંકો વધાર્યો હતો. ૧૩૦ કરોડ ભારતીયો લોંચની સાથે જ ગર્વથી અને ખુશીથી ઝુમી ઉઠ્યા હતા. એકબીજાને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ચંદ્રયાન માત્ર ૧૬ મિનિટ બાદ જ પૃથ્વીની સપાટીમાં સ્થાપિત થઈ ગયું હતું. ઈસરોના વડા શિવને ચંદ્રયાનની સફળ લોન્ચિંગની જાહેરાત કરીને કહ્યું હતું કે, આ મિશન અપેક્ષા કરતા પણ વધુ સારીરીતે સફળ રહ્યું છે. આશરે ૫૦ દિવસ બાદ એટલે કે ૬ઠ્ઠીથી ૮મી સપ્ટેમ્બર વચ્ચે ચંદ્રયાન ચંદ્ર પર ઉતરાણ કરશે. ૧૬ દિવસ સુધી પૃથ્વીની પરીભ્રમણ કક્ષામાં રહેશે. ચંદ્રયાન-૨ને ભારતના સૌથી શક્તિશાળી રોકેટ જીએસએલવી માર્ક-૩થી લોંચ કરવામાં સફળતા મળી હતી. લોન્ચિંગ બાદ ચંદ્રયાન પૃથ્વીની સપાટીમાં પહોંચી ગયું હતું. હવે ૧૬ દિવસ સુધી પૃથ્વીની ચારેબાજુ ફર્યા બાદ ચંદ્રની તરફ



આગળ વધશે. આ ગાળા દરમિયાન ચંદ્રયાનની મહત્તમ ગતિ ૧૦ કિલોમીટર પ્રતિસેકન્ડ અને લઘુત્તમ ગતિ ત્રણ કિલોમીટર પ્રતિસેકન્ડ રહેશે. ૧૬ દિવસ બાદ ચંદ્રયાન પૃથ્વીની સપાટીથી બહાર નિકળશે. આ ગાળા દરમિયાન ચંદ્રયાન-૨થી રોકેટ અલગ પડશે. પાંચ દિવસ બાદ ચંદ્રયાન-૨ ચંદ્રની કક્ષામાં પ્રવેશ કરશે. આ ગાળા દરમિયાન તેની ગતિ ૧૦ કિલોમીટર પ્રતિસેકન્ડ અને ચાર કિલોમીટર પ્રતિસેકન્ડની રહેશે. ત્યારબાદ લેન્ડિંગની પ્રક્રિયા શરૂ થશે. જમીનથી ચંદ્રમા વચ્ચે સપાટી આશરે ૩ લાખ ૮૪ હજાર કિલોમીટરની છે. લોન્ચિંગ બાદ

● અનુસંધાન પાન-૭ પર

## સ્પેસ રેસની તરફ વિશ્વની આગેકૂચ અમેરિકા, ચીન, ભારત વચ્ચે ટક્કર

શ્રીહરિકોટા, તા. ૨૨

ભારતીય સ્પેસ એજન્સી ઈસરોએ ચંદ્રયાન-૨ની સફળ લોન્ચિંગની સાથે જ એક નવો ઈતિહાસ રચી દીધો હતો. લોન્ચિંગ બાદ હવે આને ચંદ્રની સપાટી ઉપર ઉતારવાના સૌથી મોટા મિશનની શરૂઆત થઈ ચુકી છે. ચંદ્રની સીડી ઉપર ચઢીને અંતરિક્ષ પર જીત મેળવવાની ચાહત ધરાવનાર દુનિયાભરના મોટા દેશ હવે એક એવી સ્પેસ રેસની દિશામાં આગળ વધી ગયા છે જેના આગામી ૨૦૦ વર્ષ સુધી જારી રહેવાની શક્યતા છે. કોલ્ડવોરથી અલગ આ પ્રકારની સ્પર્ધાના ખેલાડી વધારે શક્તિશાળી અને અતિઆધુનિક ટેકનોલોજીથી સજ્જ રહેશે. ૨૧મી સદીની આ સ્પેસ રેસમાં અમેરિકા અને રશિયા જેવા પરંપરાગત ખેલાડીઓની સાથે ચીન અને ભારત જેવા નવા ખેલાડી પણ મેદાનમાં છે જેના કારણે સ્પર્ધા વધારે રોમાંચિત બની ગઈ છે. આ રેસમાં વિજય હાંસલ કરવા માટે ભારતે પણ આજે ચંદ્રયાન-૨ લોંચ કરીને પોતાની દાવેદારી કરી દીધી છે.


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૩૩ | ૨૩ જુલાઈ, ૨૦૧૯, મંગળવાર; અષાઢ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




# જીએસએલવી માર્ક-૩ રોકેટ દ્વારા ચંદ્રયાન-૨ નું સફળ લોંચિંગ

**વધુ પેલોડની ક્ષમતા હોવાથી બાહુબલી નામ અપાયું : માનવ કાર્યક્રમ ગગનયાન માટે બાહુબલીનો ઉપયોગ થશે**

શ્રીહરિકોટા, તા. ૨૨

બાહુબલી જીએસએલવી માર્ક-૩થી સફળ લોંચ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ચાર ટન સુધીના પેલોડ લઈ જવામાં સક્ષમ હોવાના કારણે આને બાહુબલી નામ આપવામાં આવ્યું છે. બાહુબલી ગણાતા જીએસએલવી માર્ક-૩ રોકેટે જીસેટ-૨૯ અને જીસેટ-૧૯ ઉપગ્રહોને પણ સફળરીતે લોંચ કર્યા હતા.

અંતરિક્ષ સંસ્થાએ આજ રોકેટનો ઉપયોગ કરીને ક્રુ મોડ્યુઅલ વાયુમંડળીય ફેર પ્રવેશ પરીક્ષણ (કેયર)ને સફળતાપૂર્વક અંજામ આપ્યા બાદ આજે વધુ એક સફળતા હાંસલ કરી હતી. ઈસરોના વડા સિવનના કહેવા મુજબ અંતરિક્ષ સંસ્થા ડિસેમ્બર ૨૦૨૧ માટે નક્કી કરવામાં આવેલા નિર્ધારિત માનવ મિશન માટે પણ જીએસએલવી માર્ક-૩ રોકેટનો જ ઉપયોગ કરશે. ગગનયાન કાર્યક્રમને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ ચાલી રહી છે. ઈસરોના શિવનના કહેવા મુજબ માનવ અંતરિક્ષ ઉંડાણ કાર્યક્રમ ગગનયાનને લઈને જાહેરાત થઈ ગયા બાદ ઈસરોના વૈજ્ઞાનિકો દિનરાત મહેનત કરી રહ્યા છે અને આના ઉપર પણ સફળરીતે તમામ પ્રક્રિયાને પૂર્ણ કરી લીધા બાદ આગળ વધવામાં આવશે.

માર્ક-૩ અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી અને સૌથી ભારે લોન્ચર છે. જેને સમગ્રપણે દેશમાં બનાવવામાં આવ્યું છે. તેનું વજન ૬૪૦ટન છે. આ ઉપરાંત સુધીનું સૌથી ઉંચાઈ ધરાવતું લોન્ચર છે. તેની ઉંચાઈ ૧૫ માળની બિલ્ડિંગ જેટલી છે.



ઐતિહાસિક સિદ્ધિ કેમેરામાં કેદ - ચંદ્રયાન-૨ના સફળ લોન્ચિંગને લઈને વૈજ્ઞાનિકો અને દેશમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. સફળ લોન્ચિંગ ઉપર પોતાની ટીમને શુભેચ્છા આપતા ઈસરોના ચેરમેન અને ટોપ વૈજ્ઞાનિક કે શિવન ભાવનાશીલ બની ગયા હતા. તેઓએ આ સફળ લોન્ચિંગને વિજ્ઞાન અને ટેકનોલોજીની દ્રષ્ટિએ ભારત માટે ઐતિહાસિક દિવસ ગણાવ્યો હતો. ચંદ્રયાન-૨ની સફળ લોન્ચિંગ ઉપર ઈસરોની સાથે સાથે દેશભરમાં જશ્નનો માહોલ છવાઈ ગયો છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ઈસરો અને ભારતીયોને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે મોદીએ ચંદ્રયાન-૨ના ફાયદાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. મોદીએ ટ્વિટની સાથે સાથે કેટલાક ફોટાઓ પણ શેયર કર્યા હતા જેમાં મોદી પોતે ઉભા થઈને લોન્ચિંગને જોરદારરીતે નિહાળી રહ્યા હતા.

## ઈમરાન ખાનની અમેરિકામાં ભારે ફજેતી બલૂચિસ્તાનના સમર્થકોનો સૂત્રોચ્ચાર

**ભાષણ વખતે બલૂચિસ્તાનની આઝાદીના નારા લાગ્યા**

વૉશિંગ્ટન,તા.૨૨

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન હાલ અમેરિકાના પ્રવાસે છે. જોકે, તેમનો આ પ્રવાસ વધારે સારો નથી રહ્યો. પહેલા તો વોશિંગ્ટન એરપોર્ટ પર તેમના સ્વાગત માટે કોઈ મોટા અધિકારી હાજર ન હતાં, હવે જ્યારે રવિવારે તેઓ અહીં એક ઓડિટોરિયમમાં લોકોને સંબોધન કરવા પહોંચ્યા ત્યારે ત્યાં બલૂચિસ્તાનના સમર્થકોએ તેમનો જોરદાર વિરોધ કર્યો હતો.

ઈમરાન ખાનનું ભાષણ સાંભળવા માટે અમેરિકામાં રહેલા પાકિસ્તાન મૂળના લોકો મોટો સંખ્યામાં ઓડિટોરિયમ પહોંચ્યા હતા. આ દરમિયાન બલૂચિસ્તાન પ્રાંતના અમુક યુવકો પોતાની બેઠક પરથી ઉભા થઈને પાકિસ્તાનના વિરોધમાં નારા લગાવવા લાગ્યા હતા. નોંધનીય છે કે અમેરિકામાં રહેતા બલૂચિસ્તાનના લોકો સતત પાકિસ્તાન વિરુદ્ધ અત્યાચારને લઈને અવાજ ઉઠાવતા રહ્યા છે. તેમનો આરોપ છે કે પાકિસ્તાન સેના ત્યાં માનવાધિકારોનું ઉલ્લંઘન કરી રહી છે.

બાદમાં પાકિસ્તાન વિરોધી નારા લગાવવામાં આવતા બલૂચિસ્તાનના અમુક યુવકોને ઓડિટોરિયમની બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, ઈરાન ખાને પોતાના ભાષણને રોક્યું ન હતું.


# કર્ણાટક કોકડુ હજુ વણઉકલ્યુ

**સતત ત્રીજા દિવસે પણ ભારે દુવિધા દેખાઈ : બળવાખોર ધારાસભ્યો દ્વારા સુપ્રત કરાયેલા રાજીનામાના મુદ્દે અધ્યક્ષ દ્વારા નિર્ણય ન થતા વિવાદ મડાગાંઠ અકબંધ**

નવી દિલ્હી,તા.૨૨

કર્ણાટકમાં સતત ત્રીજા દિવસે મુખ્યમંત્રી કુમારસ્વામી દ્વારા રજૂ કરવામાં આવેલી વિશ્વાસ દરખાસ્ત ઉપર ચર્ચા રહી હતી. દરેક વ્યક્તિ હવે કર્ણાટકનું કોકડુ ઉકેલાય તેમ ઈચ્છે છે. કર્ણાટકના સ્પીકરે આજે કહ્યું હતું કે, તેમને બલિના બકરા બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. કોંગ્રેસે ભારપૂર્વક કહ્યું છે કે, જ્યાં સુધી ગૃહને બળવાખોર ધારાસભ્યો દ્વારા સુપ્રત કરવામાં આવેલા રાજીનામા અંગે અધ્યક્ષ નિર્ણય કરશે નહીં ત્યાં સુધી મતદાન કરવામાં આવશે નહીં. કાર્યવાહી શરૂ થવાની સાથે જ સ્પીકર કેઆર રમેશે વારંવાર કહ્યું હતું કે, સરકાર સોમવાર સુધી વિશ્વાસ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે કટિબદ્ધ છે. ગૃહની કાર્યવાહી શરૂ થતાંની સાથે જ ફરીવાર વિલંબ થવાની શરૂઆત થઈ હતી. મુખ્યમંત્રી કુમારસ્વામીએ ગુરુવારના દિવસો વિશ્વાસ દરખાસ્ત રજૂ કરી હતી. આ વિશ્વાસ દરખાસ્તમાં કોંગ્રેસ-જેડીએસ સરકારના ભાવિનો ફેંસલો થનાર છે. ધારાસભ્યો સરકારને ગબડાવી દેવા માટે પ્રયાસ કરી રહ્યા છે. ડિબેટ શુક્રવારે પણ જારી રહી હતી. બે વખત રાજ્યપાલની મહેતલને પણ ફગાવી દેવામાં આવી હતી. આજે પણ વારંવાર કાર્યવાહી મોકૂફ કરાઈ હતી. સોમવારે પણ પ્રક્રિયા પૂર્ણ કરવાની ઈચ્છા દર્શાવવામાં આવી હોવા છતાં સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સિદ્ધારમૈયાએ કહ્યું છે કે, સ્પીકરે નિર્ણય લેવો જોઈએ. અગાઉ સુપ્રીમ કોર્ટે કર્ણાટકના બે અપક્ષ ધારાસભ્યોની અરજી પર તરત સુનાવણી કરવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. અપક્ષ ધારાસભ્યો આર શંકર અને એચ નાગેશે સુપ્રીમ કોર્ટમાં કરેલી પોતાની અરજીમાં કર્ણાટક વિધાનસભામાં વિશ્વાસ મત પર વહેલી તકે મતદાન કરાવવા માટેની માંગ કરી હતી. જો કે સુપ્રીમ કોર્ટે આ અરજી પર આજે સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. બંને અપક્ષ ધારાસભ્યોની અરજી પર હવે

● અનુસંધાન પાન-૭ પર



# રઘુરામ રાજન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના પ્રમુખ બને એવી સંભાવના

ન્યુ દિલ્હી,તા.૨૨

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર રહી ચૂકેલા રઘુરામ રાજન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના અધ્યક્ષ બને એવી શક્યતા વધી રહી હોવાનું જાણવા મળ્યું હતું. બ્રિટિશ મિડિયાના રિપોર્ટ મુજબ આઈએમએફના મેનેજિંગ ડાયરેક્ટર પદના ઉમેદવારોની યાદીમાં સૌથી ટોચ પર રઘુરામ રાજનનું નામ હતું.

રાજન ઉપરાંત બેંક ઑફ ઈંગ્લેંડના ભૂતપૂર્વ ગવર્નર માર્ક કાર્ની, ડેવિડ કેમેરુન સરકારમાં નાણાં પ્રધાન રહી ચૂકેલા જ્યોર્જ ઓસ્બોર્ન અને નેધરલેંડના ભૂતપૂર્વ નાણાં પ્રધાન જેરોઈન ડિજસ્સેલબ્લોઈમનાં નામો છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના હાલના મેનેજિંગ ડાયરેક્ટર ક્રિસ્ટીન લેગાર્ડે ગયા સપ્તાહે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું હતું. આ રાજીનામું સપ્ટેંબરની ૧૨એ અમલમાં આવશે. અન્ય એક અહેવાલ મુજબ લેગાર્ડ યૂરોપીય સેન્ટ્રલ બેંકના ચેરમેનપદે નીમાય એવી શક્યતા હતી.

છેલ્લા કેટલાક સમયથી એવી માગણી બળવત્તર બની હતી કે, આઈએમએફના મેનેજિંગ ડાયરેક્ટર અમેરિકા કે યૂરોપના દેશોની કોઈ વ્યક્તિ ન હોવી જોઈએ. એશિયા ખંડના કોઈને આ હોદ્દો આપવો જોઈએ. આ દ્રષ્ટિએ રઘુરામ રાજન પ્રબળ દાવેદાર છે.


R K VACATIONS PVT. LTD.

બેંગકોક પટાયા
રીર્ટન એર ટીકીટ, ૩*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, કોરલ આઈલેન્ડ
5N- 6D 27999₹

ગોવા
રીર્ટન એર ટીકીટ, ૪*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
3N- 4D 14999₹

5000 રૂા. નું ગીફ્ટ વાઉચર દરેક પેકેજ પર પ્રતિ વ્યકિત
+91 79 61 61 35 35 - 40 40 35 35

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225